# 40

દાંતા–અમીરગઢ તાલુકામાં કૃષિ વિષયક વીજ કનેકશન

* 15/4/171 : શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાંતા અને અમીરગઢ તાલુકામાં કેટલા કૃષિ વિષયક વીજ કનેકશન આપવાનાં બાકી છે, | (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાંતા અને અમીરગઢ તાલુકામાં અનુક્રમે ૨૦૫ અને ૧૯૧ કૃષિ વિષયક વીજ જોડાણ આપવાના બાકી છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા અને કેટલા ના મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) | ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમા દાંતા અને અમીરગઢ તાલુકામાં અનુક્રમે ૩૮૮ અને ૨૯૯ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા અને અનુક્રમે ૫૯ અને ૩૨૩ કૃષિ વિષયક વીજ જોડાણ ના મંજૂર કરવામાં આવ્યા. |
| (૩) | ઉક્ત વીજ જોડાણ નામંજૂર કરવાનાં મુખ્ય કારણો શા છે ? | (૩) | • માંગણીના આઠ એકર કરતા ઓછા ક્ષેત્રફળ ધરાવતા સર્વે નંબરમાં એક વીજ જોડાણ હયાત હોવાથી,<br>• આપેલ સમય મર્યાદામાં બોર/કૂવો કરાવેલ ન હોવાને કારણે,<br>• સુક્ષ્મ પિયત પદ્ધતિ ન સ્વીકારવાના કારણે,<br>• વન વિભાગા દ્વારા ના મંજૂર કરેલ હોવાથી,<br>• ખોટા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ હોવાથી,<br>• અરજદારે અરજી રદ કરેલ હોઈ, |